ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી



હિંમતનગર | મોડાસા | બાયડ | ભીલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર

# જિલ્લામાં શ્રાવણના અંતિમ સોમવારે શિવાલયોમાં દર્શનાર્થીઓની ભીડ ઉમટી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ધાર્મિક અને શ્રદ્ધાની દ્રષ્ટીએ પવિત્ર શ્રાવણ માસના છેલ્લા દિવસે સોમવાર અને અમાસનો સમન્વય રચાતાં ગત રોજ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શિવાલયોમાં પવિત્ર મહિનાના અંતિમ દિવસે દર્શન માટે ભીડ ઉમટી પડી હતી. આખો મહિનો ભગવાન ભોળાનાથની શિવ આરાધનામાં મંદિરોમાં ઓમ નમઃ શિવાય..ના નાદ સાથે જળાભિષેક તેમજ બિલ્વપત્ર અર્પણ કરવાના સામૂહીક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે પરંતુ શ્રાવણી અમાસના મેળા કોરોનાના કારણે ફિક્કા જણાયા. ધાર્મિક દ્રષ્ટીએ સોમવતી અમાસનું આગવું મહત્વ હોવાના કારણે સવારથી જ શિવજીના દર્શન માટે ભક્તોનો ધસમસતો પ્રવાહ પ્રસિદ્ધિ શિવાલયોમાં જોવા મળ્યો હતો.

જિલ્લામાં શ્રાવણ માસના પ્રથમ દિવસથી જ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોનાં શિવાલયોમાં હરહર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો. કોરોના ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી પ્રસિદ્ધ શિવાલયોમાં ભક્તો પૂંજા-અર્ચન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી. ભગવાન ભોળાનાથના ભક્તોએ રીઝવવાનો ભરપૂર પ્રયાસ કર્યા પછી ભક્તિમય માહોલમાં શ્રાવણ મહિનાનો છેલ્લા સોમવાર હોવાના કારણે સવારથી જ બંન્ને જિલ્લાના



આસ્થા સાથે જળાભિષેક તેમજ રૂદ્રાભિષેકના માધ્યમથી શિવજીને માસ તેના અંતિમ ચરણમાં આવીને ઉભો છે. સોમવારે શ્રાવણ શિવાલયોમાં ભક્તોની સવિશેષ હાજરી જોવા મળી હતી તેમાંય સોમવતી અમાસ હોવાના કારણે ગ્રહદશાથી પીડાતા શ્રદ્ધાળુઓએ ખાસ પ્રકારે ભગવાન ભોળાનાથની પૂંજા-અર્ચના કરી હતી. જિલ્લામાં દર વર્ષે આમ તો શ્રાવણી અમાસે શિવ મંદિરના સાનિધ્યમાં મોટા લોકમેળા યોજાતા હોય છે પરંતુ મોટા મેળા મોકૂફ રહ્યા પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં યોજાયેલા નાના લોકમેળા પણ ફિક્કા બની રહ્યા હતા. જિલ્લામાં બાયડના વૈજનાથ મહાદેવ, વાત્રકના ધારેશ્વર મહાદેવ, મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ, સાયરાના ગેબીનાથ મહાદેવ, કાબોલાના મહંકાલેશ્વર મહાદેવ, શામપુરના કુઢેરા મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ, રાયગઢ શિવમંદિર, હિંમતનગરના ઝરણેશ્વર મહાદેવ, વિજયનગરના વિરેશ્વર મહાદેવ, પ્રાંતિજના માર્કંડેશ્વર મહાદેવ, તલોદ નજીક ગોરઠીયા મહાદેવ, માલપુરના રક્ષેશ્વર મહાદેવ, ઉભરાણના સુલપાણેશ્વર મહાદેવ સહિતના પ્રસિદ્ધ શિવાલયોમાં શ્રાવણના અંતિમ સોમવારે દર્શન માટે સવારથી જ દર્શનાર્થીઓ ઉમટી પડતાં શ્રદ્ધાનો સમન્વય જોવા મળ્યો હતો.

# મોડાસામાં કોરોનામાંથી બહાર આવેલા અનેક લોકો ડિપ્રેશનનો શિકાર બન્યા

## થાક, ઉધરસ જેવી સમસ્યાઓ જીવનમાં વણાઈ ગઈ, કાઉન્સેલિગ જરૂરી

મોડાસા (બ્યુરો ઓફિસ) તા.૦૬

મોડાસા શહેરમાં કોરોનાએ દાટ વાળ્યા પછી અનેક જીંદગીઓ હોમાઈ ગઈ છે. કોરોનામાંથી બહાર આવેલા અનેક લોકો મહિનાઓ પછી પણ ડિપ્રેશનમાંથી બહાર આવી શક્યા નથી. થાક, ઉધરસ જેવી સમસ્યાઓ તેમના જીવનમાં વણાઈ જતાં કોરોના પછીનું જીવન તેમના માટે કષ્ટદાયક બની ગયું છે. અનેક સેવાભાવિ સંસ્થાઓ આવા લોકોની મદદે આવી તેમના જીવનમાં નવચેતનાનો સંચાર કરે તે વર્તમાન સમયની માંગ છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી રાખવી જોઈતી તકેદારીઓ અભરાઈએ મૂકાઈ છે. એક સમયે સંક્રમણ હાવિ થતાં હોસ્પિટલોમાં બેડ મેળવવો પણ દર્દીઓ માટે મુશ્કેલ બની ગયો હતો પરંતુ એક પછી એક લૉકડાઉન તેમજ સોશ્યલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું કડકાઈથી પાલન થતાં ઘણા લાંબા સમય પછી કોરોનાનું સંક્રમણ અટકાવવામાં આરોગ્ય વિભાગને સફળતા મળી છે. અરવલ્લીના મોડાસા શહેરમાં કોરોનાએ અગાઉ હાહાકાર મચાવ્યો હતો જેમાં મૃત્યુ આંક સતત ઉંચકાતાં ઘેર..ઘેર મોતનો માતમ જોવા મળ્યો. આ સાથે અસંખ્ય નગરજનો કોરોનાની ઝપેટમાં આવી ગયા. સ્થાનિક કોવિડ હોસ્પિટલમાં ત્વરીત સારવાર લેવાથી કોરોનાને જે તે સમયે હરાવી દીધો પરંતુ હજુય અસંખ્ય લોકો કોરોના બાદ ડિપ્રેશનમાં સરી પડ્યા છે. શરીરમાં થાક, ઉધરસ જેવી સમસ્યાઓ કાયમી ઘર કરી ગઈ હોય તેવું કોરોનામાંથી મુક્ત થયેલા દર્દીઓ અનુભવી રહ્યા છે. વૈશ્વિક મહામારીના કારણે આરોગ્ય તંત્ર લાચાર બની ગયું હતું જેમાં કોરોનામાં સપડાયેલા દર્દીઓને જે તે સમયે માનસિક સ્વસ્થ રાખવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હોવા છતાં આજે પણ અસંખ્ય દર્દીઓ કોરોનામાંથી સાજા થયા પછી માનસિક હતાશા અનુભવી રહ્યા છે જેથી આરોગ્ય વિભાગ દ્વારા આવા દર્દીઓ માટે ખાસ કાઉન્સેલિગ ગોઠવવું જોઈએ તેવો સૂર જાગૃત નાગરિકોમાંથી ઉઠ્યો છે.

# વાવડીમાં સામાજીક પ્રસંગમાં આવી જુગારની બાજી માંડનારા ૧૨ ઝડપાયા

## ખુલ્લા ખેતરમાં પરોઢે પોલીસ ત્રાટકતાં નાસભાગ મચી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

માલપુર તાલુકાના વાવડી ગામના ઓડ પરિવારના ત્યાં ૧૨મા નિમિત્તે સામાજીક માલપુર તાલુકાના વાવડી ગામે સુરેન્દ્રનગર જિલ્લાની કેટલાક ઓડ પરિવારના સભ્યો સામાજીક પ્રસંગે આવ્યા હતા. પોલીસની ટીમ દ્વારા જુગાર સ્થળે ઓચિંતિ રેડ કરવામાં આવતાં ૧૨ જુગારી ઝડપાઈ ગયા હતા. જુગારની રમતમાં



હાજરી આપવા આવેલા સુરેન્દ્રનગર, બાવળા અને વડોદરાના કેટલાક ઈસમો ખુલ્લા ખેતરમાં પરોઢે જુગારની બાજી માંડીને બેઠા હોવાની બાતમીના આધારે પોલીસે છાપો મારતાં ૧૨ જુગારી રૂા.૨૬,૯૦૦ના મુદ્દામાલ સાથે રંગેહાથે ઝડપાતાં લોકઅપમાં ધકેલ્યા છે. હારજીતના જુગારમાં પત્તાના શોખીનો મસ્ત હતા તે સમયે પોલીસ ત્રાટકતાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. બનાવ અંગે માલપુર પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં શ્રાવણ માસના અંતિમ ચરણમાં જુગારની બદી ચરમસીમાએ પહોંચી છે. ચોક્કસ રહેણાંક વિસ્તારો તેમજ ખુલ્લા ખેતરોમાં રોજ સવારથી માંડી રાત સુધી જુગારીયાઓ રમતમાં ગુલતાન થઈ જાય છે. જ્યાં વહેલી પરોઢે ખેતરમાં હાર-જીતના જુગારની બાજી શરૂ કરી જેની બાતમી સ્થાનિક પોલીસને મળી જતાં માલપુર મસ્ત જુગારીયાઓએ પોલીસ છાપો મારશે તેવી કલ્પના પણ કરી ન હોવાથી હવે લોકઅપની હવા ખાવાનો વારો આવ્યો છે.

### ઝડપાયેલ જુગારી..

શંકરભાઈ રાયસીંગભાઈ, રહે.બાવળા, જિ. અમદાવાદ
મુકેશ ભૂપતભાઈ ઓડ, રહે.બરવાળ, જિ.બોટાદ
જયરામભાઈ મેવાભાઈ ઓડ, રહે.જશોદા કોલોની પાસે, મકરપુરા, વડોદરા
અરવિંદભાઈ ભૂપતભાઈ ચૌહાણ, રહે.ધંધૂકા
ઈશ્વરભાઈ પિતાંબરભાઈ ચૌહાણ, રહે. બાવળા
વિઠ્ઠલભાઈ ધીરૂભાઈ ઓડ, રહે.ભોગુપુર, તા.લીમડી, જિ.સુરેન્દ્રનગર
નાથાભાઈ મગનભાઈ ચૌહાણ, રહે.રાજલી, તા.મોડાસા
સુરેશ ઠાકરસીભાઈ ઓડ, રહે.જીંજુવાડીયા, નવીમોરવાડ, ચૂડા, જિ.સુરેન્દ્રનગર
ઠાકરસીભાઈ રાયસીંગભાઈ ઓડ, રહે.જીંજુવાડીયા, નવીમોરવાડ, ચૂડા, જિ.સુરેન્દ્રનગર
મંજુભાઈ ધીરૂભાઈ ઓડ, રહે.શોકા, તા.લીમડી, જિ.સુરેન્દ્રનગર
લાલજીભાઈ મનુભાઈ ઓડ, રહે.રાસકા બોડીયા, તા.જિ.સુરેન્દ્રનગર
ધનજીભાઈ દેવજીભાઈ કારોલ, રહે.લીમડી, તા.જિ.સુરેન્દ્રનગર

# ગાંધીનગર સમાચારના મોડાસા બ્યુરોચીફ તરીકે નિયુક્તિ

હિંમતનગર, તા.૦૬

ગાંધીનગર સમાચારના મોડાસા બ્યુરો ચીફ તરીકે જલદીપ રમેશભાઈ પટેલ અને હેમંત (કકાભાઈ) જશુભાઈ



પટેલની નિયુક્તિ કરાતાં જિલ્લાના અખબારી આલમમાં ખુશાલી છવાઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગાંધીનગર સમાચાર હવે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વાંચકોનું પોતિકું અખબાર બન્યું છે. કોઈપણ પ્રકારના ડર અને દ્વેષભાવ રહીત સચોટ અને સ્પષ્ટ રિપોર્ટીંગના કારણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. મોડાસા શહેર બ્યુરો ચીફ તરીકે જલદીપ પટેલ અને હેમંત પટેલ(બાયડ)ની નિયુક્તિ કરવામાં આવી છે. મોડાસા શહેર જિલ્લા મથક હોવાથી શહેરની તમામ ઘટનાઓ અને પ્રજાની સમસ્યાઓને યોગ્ય વાચા આપવા માટે યુવા પત્રકારોની પસંદગી થઈ છે.

# રાજ્ય ખેતી બેન્કનો ચૂંટણી જંગ : ચેરમેન ડોલર કોટેચા, વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલ બિનહરીફ

## ઉત્તર ગુજરાત આંજણા પાટીદાર સમાજમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામિણ વિકાસ બેન્ક(ખેતી બેન્ક)અમદાવાદના ચેરમેન-વાઈસ ચેરમેનનો ચૂંટણી જંગ સોમવારે યોજાયો. અપેક્ષા મુજબ ચેરમેન-વાઈસ ચેરમેન બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. ચેરમેન તરીકે ડોલર કોટેચા અને વાઈસ ચેરમેન ફલજીભાઈ ગેમરભાઈ પટેલ(ગાંઠીયોલ)ની બિનહરીફ વરણી થઈ છે. ઉત્તર ગુજરાત આંજણા પાટીદાર સમાજમાં ફરી એકવાર ખુશાલી જોવા મળી છે.

કેન્દ્રમાં જ્યારથી સહકાર મંત્રાલય શરૂ થયું ત્યારથી ગુજરાતના સહકારી આગેવાનોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો છે. ખેતી બેન્ક ખેડૂતોના ઉદ્ધાર માટે વર્ષોથી કામ કરી રહી છે. અત્યાર સુધી ખેતી બેન્ક-અમદાવાદ કોંગ્રેસનો ગઢ ગણાતી પરંતુ પાછલા ૧૦ વર્ષ દરમ્યાન ભાજપ તરફી ઉમેદવારો ચેરમેન-વાઈસ ચેરમેન પદે ચૂંટાઈ આવતા હતા. આ વર્ષે પ્રથમવાર ભાજપે પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા અને ચૂંટણી જંગમાં મોટાભાગના જિલ્લાઓમાં ભાજપ સમર્થિત ઉમેદવારો વિજયી બનતાં ફરી એકવાર ખેતી બેન્કમાં ભાજપનો



ભગવો લહેરાવવો નિશ્ચિત બન્યો. ભાજપ દ્વારા ખેતી બેન્કના ચેરમેન-વાઈસ ચેરમેન પદ માટે મેન્ડેટ જારી કરવામાં આવ્યા હતા. ભાજપ યુવા અગ્રણી પ્રદીપસિંહ વાઘેલા મેન્ડેટ લઈને ચૂંટણી સ્થળે પહોંચ્યા હતા. ચેરમેન-વાઈસ ચેરમેન માટે ઉમેદવારીપત્રો રજૂ થયા પછી ભાજપે મેન્ડેટ રજૂ કર્યા હતા પરંતુ અન્ય કોઈ ઉમેદવારોના ઉમેદવારીપત્ર રજૂ ન થતાં બંન્ને ઉમેદવારો ચેરમેન-વાઈસ ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

# બાયડ ગામમાં ગણેશ મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ

## પાંચ દિવસ ગણેશ મહોત્સવ ઉજવાશે, ગણેશ ભક્તોમાં ખુશાલી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડ ગામમાં ગણેશ યુવક મંડળ દ્વારા તા.૧૦ થી ૧૪ સપ્ટેમ્બર દરમ્યાન ૫ દિવસના ગણેશ મહોત્સવના આયોજનને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. કોરોનાનું સંક્રમણ કાબુમાં હોવા છતાં સંપૂર્ણ કોરોના ગાઈડલાઈન પ્રમાણે ગણેશ મહોત્સવ યોજવાનું આયોજન થયું છે. ભક્તોને પણ માસ્ક પહેરીને ઉત્સવ દરમ્યાન આવવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

સમગ્ર અરવલ્લી જિલ્લામાં બાયડ ગામમાં દર વર્ષે યોજાતો ગણેશ મહોત્સવ ખ્યાતિ પ્રાપ્ત બન્યો છે. ૨ વર્ષ અગાઉ બાયડ ગામ ગણેશ યુવક મંડળ દ્વારા ૧૧૧ ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ અને પુલવામામાં આતંકી હુમલામાં શહીદ થયેલા શહીદોની યાદ સાથે ગણેશ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ વર્ષે કોરોનાનું સંક્રમણના કારણે આયોજન સાદગીપૂર્વક કરવામાં આવશે. સળંગ ૫ દિવસ ગણેશ મહોત્સવ દરમ્યાન ભજન કીર્તનનું આયોજન કરવામાં આવ્યું છે. બાયડના તમામ ગણેશ ભક્તો અને ગણેશ યુવક મંડળ ગણેશ મહોત્સવને સફળ બનાવવા માટે તૈયારીમાં લાગી ગયા છે. વિઘ્નહર્તાના પર્વમાં વરસાદના વિઘ્નની સંભાવનાને ધ્યાને રાખી વોટરપ્રૂફ મંડપ તૈયાર કરવામાં આવ્યો છે.

### મહોત્સવના આયોજનમાં પ્રજાનો અમૂલ્ય સહયોગ..

બાયડ ગામ, પરબડી ચોક ગણેશ યુવક મંડળ દ્વારા ગણશે મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જીગર પટેલ એ જણાવ્યું કે આ વર્ષે પણ બાયડ ગામમાં ગણેશ મહોત્સવની કોરોના ગાઈડલાઈન પ્રમાણે ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ છે અને તેમાં ધર્મપ્રિય પ્રજાજનોનો અમૂલ્ય સહયોગ મળી રહ્યો છે.

# આગામી ૨૫ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સહકાર પરિસંવાદ યોજાશે

બાયડ તા.૬

એનસીયુએલ ઈફકો, ક્રિભકો, અમુલ, નાફેડ, નાફકબ, નાફસ્કોબ સહિતની સહકારી સંસ્થાઓ ના માધ્યમથી નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સહકાર પરિસંવાદ યોજવામાં આવનાર છે. ખેડૂતોની માલિકીની, ખેડૂતોના પ્રતિનિધિઓ દ્વારા ચાલતી અને ખેડૂતો માટે કાર્યરત, વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા ઈન્ડિયન ફાર્મરર્સ ફર્ટીલાઈઝર કો-ઓપ. લિ. (ઈફકો) દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યું છે.

ઈન્દ્રપ્રસ્થ ઈન્ડોર સ્ટેડિયમ, નવી દિલ્હી ખાતે યોજાનાર સમેલનના આયોજન સારૂ દ્રઙૈ ના ચેરમેન, ઈફકોના વાઈસ ચેરમેન અને સહકારી અગ્રણી શ્રી દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને દેશના અગ્રગણ્ય સહકારી આગેવાનોની કોર કમિટી રચવામાં આવી છે.

આગામી. તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ ઈન્દ્રપ્રસ્થ ઈન્ડોર સ્ટેડિયમ, નવી દિલ્હી ખાતે યોજાનાર રાષ્ટ્રીય સહકાર પરિસંવાદના આયોજન આજરોજ દ્રઙૈ હેડ ક્વાટર્સ નવી દિલ્હી ખાતે એક મહત્વની બેઠક યોજાઈ.

જેમાં શ્રી દિલીપ સંઘાણી તથા કોર કમિટીના સભ્યો સર્વશ્રી, ક્રિભકોના ચેરમેન ચંદ્રપાલસિંહ યાદવ, નાફેડના ચેરમેન બિજેન્દર સિંહ, ઈફકોના એમ.ડી. ડો.યુ.એસ. અવસ્થી, નાફસ્કોબના પ્રમુખ રવિન્દ્ર રાવ, નાફકબના પ્રમુખ જ્યોતિન્દ્ર મહેતા, અને સહકાર ભારતીના પ્રમુખ રમેશ વૈદ્યનો સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

દેશમાં સહકારીતાના માધ્યમથી નવી અર્થવ્યવસ્થાના નિર્માણ સારૂ તેમજ દેશના સહકારી માળખાને મજબૂત કરવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ સહકારી મંત્રાલય બનાવ્યું છે. જે ખરા અર્થમાં સહકારી સંસ્થાના વિકાસ માટે પૂરક બની રહેશે તેમ શ્રી દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું. ગુજરાતનાં સહકાર માળખાને મજબૂત બનાવવા માં મહત્વપૂર્ણ યોગદાન આપનાર શ્રી અમિતભાઈ શાહ દેશના પ્રથમ સહકારમંત્રી તરીકે પરિસંવાદમાં ઉપસ્થિત રહી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના "સહકાર થી સમૃદ્ધિ" ના મંત્ર ને ચરિતાર્થ કરવા તથા સમગ્ર દેશના સહકારી માળખાને વધુ મજબૂત કરવા માર્ગદર્શન આપશે.

# ભિલોડામાં શ્રાવણ માસના અંતિમ દિવસ અને સોમવતી અમાસ નિમિત્તે શિવાલયોમાં હર હર મહાદેવનો નાદ ગુંજયો

અરવલ્લી જીલ્લાના સહિત ભિલોડા તાલુકામાં ઠેર ઠેર શિવાલયોમાં હર હર મહાદેવનો નાદ ગુંજયો હતો. પવિત્ર પાવન શ્રાવણ માસનો અંતિમ દિવસ,છેલ્લો સોમવાર અને સોમવતી અમાસના પાવન દિવસે શિવાલયોમાં ભાવિક ભક્તો દર્શનાર્થે મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.શિવાલયોમાં ભક્તોએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

ભિલોડા તાલુકામાં ઠેર ઠેર શિવાલયોમાં લઘુરૂદ્ર,ભજન સહિત વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.ભિલોડાના જૂના ભવનાથ અને નવા ભવનાથ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં ભાવિક ભક્તો દુર દુર દર્શનાર્થે આવ્યા હતા. મંદીના માહોલ વચ્ચે બજારમાં સારી ઘરાકી જોવા મળતા વેપારીઓ મુખમાં મલકાઈ રહ્યા હતા. સોમવતી અમાસ નિમિત્તે મહિલાઓએ પીપળાના વૃક્ષને પાણી ચડાવી,પૂજન અને અર્ચન કરીને,૧૦૮ વાર પ્રદક્ષિણા કરીને પિતૃ-તર્પણ કર્યું હતું.સોમવતી અમાસના દિવસે પિતૃઓને યાદ કરીને સેવાભાવી ભકતોએ જરૂરિયાતમંદ પરીવારોને યથા યોગ્ય દાન-પુણ્ય કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

